GJGS090001242026

દાખલ તારીખ : ૧૦/૦૩/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૦/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૮/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૮

**મહે. કોડીનારના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુ. કોડીનાર, જી. ગીર સોમનાથ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૯/૨૦૨૬**

**અરજદાર :–** શિવાભાઇ ઉર્ફે શિવમભાઇ મનુભાઇ જેઠવા,
ઉ.વ.આ.૨૫, ધંધો–મજુરી,
રહે.કોડીનાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ.

**વિરુધ્ધ**

**સામાવાળા :–** સ્ટેટ ઓફ ગુજરાત,
સમન્સ થ્રુ એ.પી.પી.શ્રી,
કોડીનાર.

ગુન્હો :– **આઇ.પી.સી. કલમ–૩૫૪, ૩૫૪(એ)(ડી), ૪૫૧, ૫૦૬(૨), ૪૨૭ તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)ડબલ્યુ, ૩(૨)(૫) તથા પોકસો એકટની કલમ–૧૨, ૧૮ મુજબ.**

**કોડીનાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૨૨૪૧૨૧૧/ ૨૦૨૪**

**સ્પે. પોકસો કેસ નંબર ૦૨/૨૦૨૪**

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ અન્વયે અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવા અંગેની અરજી.**

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એસ.પી.ગંડીયા**
**સામાવાળા તરફે વિધ્વાન વિ.પ્રોસીકયુટરશ્રી એમ.કે.ગોહેલ**

---

## **-:: ચુકાદો ::-**

**(૧)** હાલની અરજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૯ અન્વયે અરજદારે કોડીનાર પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૨૨૪૧૨૧૧/૨૦૨૪ થી આઇ.પી.સી. કલમ-૩૫૪, ૩૫૪(એ)(ડી), ૪૫૧, ૫૦૬(૨), ૪૨૭ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)ડબલ્યુ, ૩(૨)(૫) તથા પોકસો એકટની કલમ-૧૨, ૧૮ મુજબના ગુન્હામાં રેગ્યુલર જામીન પર મુકત થવા માટે આપેલ છે.

**(૨)** આ જામીન અરજીની નોટીસની સામાવાળાને બજવણી કરવામાં આવતા સામાવાળા તરફે વિધ્વાન પ્રોસીકયુટરશ્રી એમ.કે.ગોહેલ હાજર રહેલ છે.

**(૩)** અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી એસ.પી.ગંડીયા નાઓએ તેમની વિસ્તૃત મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, અરજદારને એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલતા પોકસો કેસ નં.૦૨/૨૦૨૪ ના કામે અગાઉ શરતોને આધીન જામીન મુકત કરવામાં આવેલ છે. તેમાની શરત મુજબ અરજદાર નિયમીતપણે ટ્રાયલ દરમ્યાન મુદતે હાજર રહેતા હતા. તે દરમ્યાન અરજદાર ઉપર નામદાર કોડીનારના ચીફ જયુડી. મેજી.શ્રી ની કોર્ટમાં ફો.કે.નં.૭૪૬/૨૦૨૫ થી કેસ ચાલતો હોય તે કેસના કામે અરજદારને તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ જુનાગઢ જીલ્લા જેલ હવાલે કરેલ હોય જેથી અરજદાર નામદાર સેશન્સ કોર્ટમાં ચાલતા પોકસો કેસ નં.૦૨/૨૦૨૪ ના કામે મુ.તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ હાજર રહી શકેલ નહી. અરજદારના લીગલ માંથી મળેલ વકીલશ્રીએ સદર મુદત તારીખ દરમ્યાન અરજદારની હાજરી માંથી મુકિત અંગેનો કોઇ રીપોર્ટ નામદાર અદાલત સમક્ષ મુદત તારીખે

રજુ કરેલ નથી કે અરજદારની ગેરહાજરીનું સત્ય અને વ્યાજબી કારણ અદાલત સમક્ષ રજુ કરેલ નથી જેથી નામદાર અદાલતે તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ અરજદાર વિરુધ્ધ પકડ વોરંટ ઇસ્યુ કરતા અરજદારને તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ કોડીનાર પોલીસે અટક કરી નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટમાં તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ રજુ કરેલ અને તે સમયે પણ અરજદારના લીગલ માંથી મળેલા વકીલશ્રીએ અરજદાર ઉપર ચાલતુ પકડ વોરંટ રદ કરાવવા માટે અરજી આપેલ નહી કે જાતે હાજર રહેલ નહી. જેથી નામદાર એડીશ્નલ સેશન્સ જજ સાહેબે અરજદારને જયુડીશ્યલ કસ્ટડીમાં જીલ્લા જેલ જુનાગઢ હવાલે કરેલ છે. અરજદાર ઉપર હાલનો કોઇ પ્રથમદર્શનીય કેસ નથી માત્ર ખોટી માહિતીના આધારે આ કેસમાં સંડોવી દીધેલા છે. અરજદાર સીધા સરળ અને મજુર વર્ગના છે. ફરીયાદના પુરાવાનું પરીક્ષણ કરતા ફરીયાદને સમર્થન આપે તેવો કોઇ પુરાવો નથી કે તે માટે માની શકાય તેવા કોઇ કારણો નથી. અરજદાર મજુરી કરી તેમના પરીવારનું ભરણપોષણ કરે છે. જો અરજદારને લાંબો સમય જેલમાં રાખવામાં આવશે તો પરીવારના જીવન નિર્વાહની સમસ્યા સર્જાય તેમ છે. અરજદાર સદર કેસના કામે અગાઉ જામીન મુકત થયેલ તે સમયે નામદાર કોર્ટે ફરમાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરેલ છે. કેસની ટ્રાયલ દરમ્યાન કયારેય ફરીયાદી કે ફરીયાદપક્ષના સાહેદો સાથે કે પુરાવા સાથે કોઇ ચેડા કરવાની કોશીશ કરેલી નથી. નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડીયાના જણાવ્યા મુજબ કોઇપણ વ્યકિતને સજા જાહેર થયા વગર અનિશ્ચીત સમય સુધી જેલમાં રાખી શકાય નહી. જો ટ્રાયલ પુરી કરવામાં વિલંબ થતો હોય તો આરોપીના બંધારણીય અધિકાર હેઠળ તેને જામીન આપી શકાય છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે તેને ધ્યાને લઇને પણ અરજદારને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલની રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ કોડીનાર પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૨૨૪૧૨૧૧/૨૦૨૪ થી આઇ.પી.સી. કલમ-૩૫૪, ૩૫૪(એ)(ડી), ૪૫૧, ૫૦૬(૨),

૪૨૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)ડબલ્યુ, ૩(૨)(૫) તથા પોકસો એકટની કલમ–૧૨, ૧૮ મુજબના ગુન્હાનું તહોમત છે. અરજદાર/આરોપી અગાઉ જામીન ઉપર મુકત થયેલ છે અને તેમાં ફરમાવેલ શરત કે અરજદાર/આરોપી પોલીસ તપાસ દરમ્યાન અને ટ્રાયલ દરમ્યાન નિયમીતપણ હાજર રહેશે તે મુજબની શરતનો અરજદાર/આરોપીએ ભંગ કરેલ છે. તેમજ અરજદાર/આરોપી અગાઉ પણ નામદાર અદાલતમાં મુદતે હાજર નહી રહેતા નામદાર અદાલતે તેઓની સામે પકડ વોરંટ ઇસ્યુ કરેલ છે અને અરજદાર/આરોપી પકડાઇ આવતા સદર પકડ વોરંટ રદ કરેલ છે. આમ, હાલના અરજદાર/આરોપી મુદત તારીખે ટ્રાયલ દરમ્યાન હાજર રહેતા ન હોય અને અવારનવાર તેઓને મળેલ લીબર્ટીનો ભંગ કરેલ હોય જેથી અરજદાર/આરોપીની જામીન અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષોને સાંભળ્યા, હાલના કેસની હકીકતો જોતા હાલના અરજદાર/આરોપી પોકસો કેસ નં.૦૨/૨૦૨૪ માં આરોપી તરીકે છે. અરજદાર ઉપર નામદાર કોડીનારના ચીફ જયુડી. મેજી.શ્રી ની કોર્ટમાં ફો.કે.નં.૭૪૬/૨૦૨૫ થી કેસ ચાલતો હોય તે કેસના કામે અરજદારને તા.૨૭/૦૧/૨૦૨૬ ના રોજ જુનાગઢ જીલ્લા જેલ હવાલે કરેલ હોય જેથી અરજદાર નામદાર સેશન્સ કોર્ટમાં ચાલતા પોકસો કેસ નં.૦૨/૨૦૨૪ ના કામે મુ.તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ હાજર રહી શકેલ નથી. જેથી તેમના વિરૂદ્ધ વોરંટ કાઢવામાં આવેલ અને તે વોરંટના આધારે અરજદારને પકડીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે. અરજદાર/આરોપી નિયમીત હાજર રહેવાની ખાત્રી આપે છે અને અરજદાર હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આમ, અરજીની હકીકતને લક્ષમાં લેતા તથા જામીન પર મુકત કરવાના પરીબળો ધ્યાને લેતા અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનું ન્યાયી અને વ્યાજબી જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**–:: હુકમ ::–**

**૧.** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ –૪૩૯ અન્વયેની હાલના અરજદારની રેગ્યુલર જામીન અરજી **"શરતી મંજુર"** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી શિવાભાઇ ઉર્ફે શિવમભાઇ મનુભાઇ જેઠવા, રહે.કોડીનાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ નાઓને કોડીનાર પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૨૨૪૧૨૧૧/૨૦૨૪ થી આઇ.પી.સી. કલમ–૩૫૪, ૩૫૪(એ)(ડી), ૪૫૧, ૫૦૬(૨), ૪૨૭ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)ડબલ્યુ, ૩(૨)(૫) તથા પોકસો એકટની કલમ–૧૨, ૧૮ મુજબના ગુના તેમજ સ્પે.પોકસો કેસ નં.૦૨/૨૦૨૪ ના કામે કાઢવામાં આવેલ વોરંટ સબબ અરજદારને **રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર છોડવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–।। શરતો ।।–</u>**

૧. અરજદારે નિયમીત ટ્રાયલ દરમ્યાન હાજર રહેવુ.

૨. અરજદાર ટ્રાયલ સમયે ગેર હાજર રહયેથી જામીન આપોઆપ રદ ગણાશે.

૩. આ કામે અગાઉ અરજદારને ફો.પ.અ. નં.૫૪/૨૦૨૪ થી તા.૦૨/૦૮/૨૦૨૪ ના રોજ શરતી જામીન ઉપર મુકત કરેલ હોય અરજદારે તે તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

– જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

– હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તારીખ–૧૮ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૩/૨૦૨૬.
સ્થળઃ કોડીનાર.

**(અતુલકુમાર આર. પટેલ)**
બીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ અને
સેશન્સ જજ, કોડીનાર.
[કોડ નંબર-જી.જે.૦૦૭૧૦]